# અમારી એક્ષપર્ટાઇઝ

કરોડરજ્જુ ની સંપૂર્ણ સારસંભાળ; જેમાં દુઃખાવો મટાડવાની રીતો, રૂઢિચુસ્ત ઇલાજની રીતો, સેફ સ્પાઇન સર્જરી, કી હોલ સ્પાઇન સર્જરી અને કરોડરજ્જુની જન્મજાત ખોડ સુધારવા માટેની મોટી સર્જરી ઇત્યાદી નો સમાવેશ થાય.

- માઇક્રોએન્ડોસ્કોપિક સ્પાઇન સર્જરી
- સ્પાઇનલ સ્ટીનોસિસ
- કોડા ઇક્વિના સિંડ્રોમ
- સર્વાઇકલ ડિસ્ક લીઝન
- સ્કોલિઓસીસ કરેક્શન
- પિડિયાટ્રિક સ્પાઇન પ્રોબ્લમ
- સ્પાઇનલ ટ્રોમા સર્જરી
- ડીજનરેટેડ ડિસ્ક ડિસીઝ
- સ્પાઇનલ ટીબી અને અન્ય ઇન્ફેક્શન
- ઓસ્ટિયોપોરોટિક સ્પાઇન ફ્રેક્ચર
- હર્નિયેટેડ ડિસ્ક / ડિસ્ક પ્રોલેપ્સ
- એન્ડોસ્કોપિક સ્પાઇન સર્જરી
- સર્વાઇકલ અને થોરેસિક માઇલોપેથી
- સર્વાઇકલ ડિસ્ક રીપ્લેસમેન્ટ
- સ્પોન્ડિલોલિસ્થેસિસ
- સ્પાઇનલ ડિફોર્મિટી કરેક્શન
- સ્પાઇનલ ટ્યુમર સર્જરી
- વ્હીપ્લેશ ઈંજરીઝ
- ક્રેનિયોસર્વાઇકલ સ્પાઇન ડિસીઝ
- વેર્ટિબ્રોપ્લાસ્ટી / કાઇફોપ્લાસ્ટી

## અમારા નિષ્ણાંતો:



**ડૉ. યતીન દેસાઇ**
એમ એસ (ઑર્થો)
હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટ – ઑર્થો,
ટ્રૉમા, હિપ અને સ્પાઇન સર્જરી



**ડૉ. હિતેશ મોદી**
એમ એસ (ઑર્થો), પીએચડી (સ્પાઇન)
ફેલોશિપ ઇન સ્પાઇન સર્જરી કેનેડા,
હોંગકોંગ અને સાઉથ કોરિયા

*પશ્ચિમ ભારતના એકમાત્ર પીએચડી સ્પાઇન સર્જન



**ડૉ. શક્તિ ગોયલ**
એમએસ (ઑર્થો),
ફેલોશિપ ઇન સર્જિકલ રિસર્ચ (યૂ એસ)
ડિપાર્ટમેન્ટ ઑફ સ્પાઇન સર્જરી


**ઝાયડસ હૉસ્પિટલ:**
ઝાયડસ હૉસ્પિટલ રોડ, સોલા બ્રિજ પાસે,
ઑફ એસ. જી. હાઈવે, થલતેજ,
અમદાવાદ – ૩૮૦ ૦૫૪.
ઈ-મેઈલ: infoahd@zydushospitals.com
**www.zydushospitals.com**
**પૂછપરછ માટે:** +૯૧ ૭૯ ૬૬ ૧૯૦ ૨૦૧
**ટોલ ફ્રી નં.:** ૧૮૦૦ ૧૨૩ ૫૪૩૩





GET IT ON Google Play | Available on the App Store

**24x7 ઈમરજન્સી હેલ્પલાઇન: +91 78744 12345**


/ZydusHospitals @ZydusHospitals /ZydusHospitals

Scan this QR Code



Zydus Hospitals
*A Complete Hospital*


# સેફ સ્પાઇન સર્જરી



૩૧ વર્ષ ની એક નોકરી કરતી મહિલા જેમને ડિસ્ક હર્નિએશન ના કારણે જમણા પગમાં સખત શણકા મારતો દુ:ખાવો થતો રહેતો હતો. તેમના પર ‘માઇક્રો એન્ડોસ્કોપિક ડિસ્કેક્ટોમી’ કરી અને ઓપરેશન ના ચાર કલાક બાદ ચલાવવામાં આવ્યા હતા. બીજા દિવસે તેમને રજા આપવામાં આવી હતી. ફક્ત એક અઠવાડિયાના આરામ પછી તેમણે ફરી થી નોકરી પર જવાનું ફરી શરૂ કર્યું.


મણકાની ખૂંધવાળી એક ૯ વર્ષ ની બાળકી માટે ‘સ્કોલિયોસિસ કરેક્શન સર્જરી’ કરવામાં આવી હતી. બાળકીની શારીરિક બાંધો પણ સુવ્યવસ્થિત થઇ ગયો અને ફક્ત એક જ મહીનામાં તે સામાન્ય જીવન શૈલીમાં આવી ગઇ. થોડાંક જ સમયમાં તેનો આત્મવિશ્વાસ તેની ઉમરની એક સામાન્ય બાળકી જેટલો થઇ ગયો.






૨૬ વર્ષના એક યુવાનને સર્વાઇકલ ડિસ્ક પ્રોબ્લેમના કારણે ડોકમાં તેમજ બન્ને હાથમાં શણકા મારતો સખત દુ:ખાવો રહેતો હતો. તેના પર ‘ટોટલ ડિસ્ક રીપ્લેસ્મેંટ’ કરવામાં આવ્યું અને તરત જ દુ:ખાવામાં ખૂબ ફરક પડી ગયો. ડોકનું સામાન્ય હલન-ચલન દર્દીએ ટુંક સમયમાં ફરી થી મેળવી લીધેલ અને ૨ અઠવાડિયામાં તે અમેરિકા માટે રવાના થઇ ગયો.


લમ્બર ડીજનરેટિવ સ્પાઇન વાળા દર્દી માટે કરવામાં આવેલું મિનિમલી ઇન્વેસિવ સ્પાઇન સર્જરી. સર્જરીના પછીના દિવસે જ દર્દી ને ઉભા કરવામાં આવ્યા અને ચલાવવામાં આવ્યા. તેમનો પગનો દુ:ખાવો એકદમ બંધ થઇ ગયો.





૬૫ વર્ષના એક પ્રૌઢ દર્દી જમને ઓસ્ટિઓપોરોટિક કમ્પ્રેશન ફ્રેક્ચરના કારણે ઉભા રહેવામાં અને ચાલવામાં ખૂબ તકલીફ હતી. તેમના મણકામાં ‘વર્ટિબ્રોપ્લાસ્ટી’ દ્વારા ફક્ત લોકલ એનેસ્થેશિયામાં સિમેન્ટ પૂરવામાં આવ્યો. દર્દીનો દુ:ખાવો ત્વરિત મટી ગયો અને હૉસ્પિટલમાંથી રજા મળતા તેઓ ચાલતા ઘેર ફર્યા.

સ્પોન્ડિલોલિસ્થેસિસ થી પીડાતા ૫૫ વર્ષના દર્દી કે જેમને તેનાં થકી કમર તેમજ બન્ને પગમાં સખત દુ:ખાવો રહેતો હતો. તેમના પર ‘ટી એલ આઇ એફ’ સર્જરી કરવામાં આવી હતી. સર્જરી બાદ તેમનો દર્દ તરત મટી ગયો અને સર્જરી બાદના દિવસે જ તેમને ચલાવવામાં આવ્યા હતાં.



# અમારા સ્પાઇન સ્પેશ્યાલિસ્ટ




**ડૉ. હિતેષ મોદી,**
એમએસ (ઓર્થો), પીએચડી (સ્પાઇન)
ફેલોશિપ ઇન સ્પાઇન સર્જરી
કેનેડા, હોંગ કોંગ અને સાઉથ કોરિયા


# FAQ for Spine Surgery

**તમને સ્પાઇન સર્જરીની જરૂર છે, માત્ર આટલું જ સાંભળતા અત્યંત ચિંતા થઇ જાય. સર્જરીના નિશાન, પેરાલિસિસ ની સંભાવના, પીઠ બરડ થઇ જવાની બીક અને દુ:ખાવો... આ છે ચિંતા નુ કારણ. ઝાયડસ આ બધાંજ પ્રશ્નો નો એક સરસ ઉકેલ આપે છે: સેફ સ્પાઇન સર્જરી!**

## સેફ સ્પાઇન સર્જરી શું છે?

આ સ્પાઇન સર્જરીની એક ચોક્કસ પદ્ધતી ને વર્ણાવતો શબ્દ છે. આ પદ્ધતીમાં સર્જરી પછી ઉભી થતી ચેતાતંત્રની ઇજાઓ ને ઘટાડવા માટે, સર્જિકલ સ્કિલનો કુશળતાપૂર્વક ઉપયોગ, ચાલુ ઓપરેશન દરમ્યાન ન્યૂરો મોનિટરિંગ (ઇન્ટ્રા ઓપરેટિવ ન્યૂરો મોનિટરિંગ) અને મિનિમલી ઇન્વેસિવ સ્પાઈન સર્જરી પર ભાર દેવામા આવે છે.

## ઇન્ટ્રા ઓપરેટિવ ન્યૂરો મોનિટરિંગ (આઇ ઓ એન એમ) શું છે?

ઇન્ટ્રા ઓપરેટિવ ન્યૂરો મોનિટરિંગ એટલે સ્પાઇન સર્જરીના ચાલુ ઓપરેશન દરમ્યાન ચેતાતંત્ર ને સતત ચકાસ્તા રહેવાની પદ્ધતી, જેના થકી સર્જરી બાદ તેમાં કોઇ ખોડ ન રહી જાય. ઝાયડસ ભારતભરમાં એકમાત્ર એવી હોસ્પિટલ છે જેને વિશ્વ વિખ્યાત ‘એઓ સ્પાઇન’ પાસેથી ન્યૂરો મોનિટરિંગ ક્ષેત્રે આગળ રિસર્ચ કરવા માટે મંજૂરી અને ગ્રાન્ટ મળેલ છે.

## મિનિમલી ઇન્વેસિવ સ્પાઇન સર્જરી એટલે શું અને તેના ફાયદા શું છે?

કી હોલ સર્જરી દ્વારા નજીવા કાપામાંથી ઇમેજ ઇન્ટેંસિફાયર અને માઇક્રોસ્કોપ વડે સ્પાઇન સર્જરી કરવાની પદ્ધતી ને મિનિમલી ઇન્વેસિવ સ્પાઇન સર્જરી કહેવામાં આવે છે. તેનાથી નજીવું નિશાન, ઓછો દુ:ખાવો, ઓછો બ્લડ-લૉસ, ઇન્ફેક્શનની ઓછી શક્યતાઓ, તેમજ હૉસ્પિટલમાં ઓછું રોકાણ જેવા અનેક ફાયદાઓ છે.

## સેફ સ્પાઇન સર્જરી પછી તમારે શું અપેક્ષા રાખવી જોઇએ?

સેફ સ્પાઇન સર્જરી પછીના બીજા જ દિવસે ફિઝિયોથેરાપિસ્ટના માર્ગદર્શન હેઠળ તમને ઉભા કરવામાં આવે અને ચલાવવામાં આવે. તેથી તમારો હૉસ્પિટલ સ્ટે ફક્ત ૩-૫ દિવસનો રહે અને ત્યાર બાદ તમે હલન ચલન ની સ્વતંત્રતા પાછી મેળવી શકો છો.